Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-2 ■ તા. 8-1-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

રાજધાનીમાં ધુમ્મસના કારણે ૧૦૦ ફ્લાઈટ મોડી, પહાડી વિસ્તારમાં હિમવર્ષાનું એલર્ટ

શિમલા સહિત પ્રદેશના અધિકાંશ વિસ્તારમાં વરસાદ અને હિમવર્ષાનું અનુમાન

નવીદિલ્હી,તા.૭

દેશભરમાં શીતલહેર શરૂ છે. રાજસ્થાન દિલ્હીમાં ઘણી જગ્યાએ પહાડી વિસ્તારમાં પારો નીચે ગગડ્યો છે. શિમલા, મસૂરી કરતા પણ દિલ્હી વધુ ઠંડુગાર છે. આયાનગરમાં લઘુત્તમ તાપમાન ૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે શિમલામાં ૩.૭, મસૂરીમાં ૪.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. ધુમ્મસના કારણે ૧૦૦ ફ્લાઈટ મોડી પડી હતી. દેશના ૧૦ સૌથી વધુ ઠંડા શહેરોમાં મધ્યપ્રદેશના ૪ નોંધાયા છે. છત્તરપુરનું નૌગાંવ દેશનું બીજું સૌથી ઠંડુ શહેર રહ્યું. અહિંયા રાતનું તાપમાન ૦.૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું.આઈએમડી અનુસાર પહાડી વિસ્તારમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળી છે. જમ્મુ, હિમાચલ અને ઉત્તરાખંડમાં આજે હિમવર્ષા અને હળવો વરસાદ થઈ શકે છે.

રાજસ્થાનના ૧૧ શહેરોમાં ધુમ્મસ અને કોલ્ડ-વેવના કારણે દિવસનું તાપમાન સામાન્યથી ૧૦ ડિગ્રી સેલ્સિયસ નીચે ગયું છે. ગયા અઠવાડિયે રાજસ્થાનમાં કોલ્ડ-વેવની સ્થિતિ બની છે.હનુમાનગઢ, ગંગાનગરમાં દિવસનો પારો સિંગલ ડિજિટમાં રહ્યો. આ બંને શહેરોમાં દિવસનું મહત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૪.૯ સેલ્સિયસ નોંધાયું. ભોપાલના બડે તાલાબની આ તસવીર છે. સવારે ૧૧ વાગ્યા સુધી અહીં

ધુમ્મસ છવાયેલું રહ્યું હતું. ભોપાલમાં જાન્યુઆરીનું પહેલું અઠવાડિયું ૧૭ વર્ષમાં સૌથી ઠંડું રહ્યું છે. અહીં સરેરાશ મહત્તમ તાપમાન ૧૯.૬ ડિગ્રી હતું. અગાઉ ૨૦૧૧માં દિવસનું સરેરાશ તાપમાન ૨૦.૨ ડિગ્રી હતું.રાતના તાપમાનના સંદર્ભમાં છતરપુરનું નૌગાંવ દેશનું બીજું સૌથી ઠંડુ શહેર હતું. ત્યાં રાત્રિનું તાપમાન ૦.૨ ડિગ્રી હતું. દાતિયામાં ૨.૫ અને ગુનામાં ૩ ડિગ્રી નોંધાયું હતું.

રાજધાની દિલ્હીમાં લઘુત્તમ તાપમાન શિમલા, મસૂરી, નૈનીતાલ કરતા પણ નીચે ગયું છે. ૬ જાન્યુઆરીના રોજ આયાનગરમાં લઘુત્તમ તાપમાન ૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. રિઝ વિસ્તારમાં લઘુત્તમ તાપમાન ૩.૩ અને સફદરગંજમાં ૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. જ્યારે શિમલામાં ૩.૭, મસૂરીમાં ૪.૪ અને નૈનીતાલમાં ૬.૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું. ધુમ્મસના કારણે ૧૦૦ ફ્લાઈટ્સ મોડી પડી છે. તેમાં ૨૦ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે.ઁસ્ઢ અનુસાર, રાજધાની દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી આસપાસ નોંધાઈ શકે છે. હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતિના આદિવાસી જિલ્લામાં પણ હિમવર્ષાથી ઘરોની છત ઢંકાઈ ગઈ હતી. હિમાચલ ઋતુમાં બદલાવ માટે તૈયાર છે, કારણકે પ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ છે. શિમલા સહિત પ્રદેશના અધિકાંશ વિસ્તારમાં આજથી વરસાદ અને હિમવર્ષાનું અનુમાન છે. હિમાચલ પ્રદેશમાં આજથી આગામી ૪ દિવસ સુધી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સંપૂર્ણ રીતે સક્રિય છે. તેના સક્રિય થવાને કારણે હિમાચલના ૬ જિલ્લામાં હિમવર્ષા થશે

નફરતની ધરતી પર રામ મંદિરનું નિર્માણ, ભગવાનને પથ્થરોમાં કેદ ન કરી શકાય

અમે 'હે રામ'માં માનીએ છીએ. 'જય શ્રી રામ'માં નહીં. રામ આપણા હૃદયમાં છે, : રાજદ પ્રદેશ અધ્યક્ષ

પટણા,તા.૭

રાજદના પ્રદેશ અધ્યક્ષ જગદાનંદ સિંહે રામ મંદિર નિર્માણને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે રામ મંદિરનું નિર્માણ નફરતની જમીન પર થઈ રહ્યું છે. એમ પણ કહ્યું કે અમે 'હે રામ'માં માનીએ છીએ. 'જય શ્રી રામ'માં નહીં. રામ આપણા હૃદયમાં છે, પથ્થરના ભવ્ય મંદિરોમાં નથી. જગદાનંદ સિંહે કહ્યું કે શ્રી રામ ન તો અયોધ્યામાં છે કે ન તો લંકામાં, પરંતુ શ્રી રામ આજે પણ શબરીની કુટીરમાં વિરાજમાન છે. એટલું જ નહીં, જગદાનંદે કહ્યું કે રામ મંદિર નફરતની જમીન પર બની રહ્યું છે. રામને વૈભવી મહેલમાં કેદ ન કરી શકાય. ગૃહમંત્રી અમિત શાહ પર કટાક્ષ કરતા જગદાનંદે પૂછ્યું કે શું ભગવાન રામ હવે લોકોના હૃદયથી દૂર મંદિરોમાં બેઠા છે. શું હવે રામ મંદિરના જ રહેશે? શું હવે રામ દેશનો નહીં રહે? શું ભારતના લોકોના હૃદયમાંથી રામને છીનવીને પથ્થરોથી બનેલી આલીશાન ઈમારતમાં બેસાડી ન શકાય?

નિવેદન બાદ બીજેપીએ જગદાનંદ સિંહ પર નિશાન સાધ્યુ છે. હવે ભારતીય જનતા પાર્ટીએ પણ આ અંગે પલટવાર કર્યો છે. ભાજપે કહ્યું છે કે, હિંદુ આસ્થાનું અપમાન કરવું એ આરજેડી અને કોંગ્રેસ માટે ધર્મનિરપેક્ષતા સમાન છે. બીજેપી નેતા શહજાદ પૂનાવાલાએ કહ્યું કે, જગદાનંદ સિંહે રામ જન્મભૂમિને 'નફરતની જમીન' ગણાવી છે. તે ખૂબ જ ચોંકાવનારું નિવેદન છે.

બીજેપી નેતા શહજાદ પૂનાવાલાએ તેમના નિવેદન પર પલટવાર કરતા કહ્યું કે, આરજેડીના પ્રદેશ અધ્યક્ષ જગદાનંદ સિંહનું નિવેદન ઘણું ચોંકાવનારું છે. તેમણે રામજન્મભૂમિને નફરતની ભૂમિ ગણાવી છે. આ સાથે કહેવામાં આવ્યું છે કે, આ દેશમાં કટ્ટરપંથીઓના રામ બચ્યા છે ગરીબોના રામ નથી. પૂનાવાલાએ કહ્યું કે, અગાઉ તેમણે ઁ પર પ્રતિબંધ દરમિયાન હિન્દુઓને નિશાન બનાવીને વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. તેઓ સતત હિંદુ આસ્થાને ઠેસ પહોંચાડે છે જેથી તેઓ વોટબેંકના મત મેળવી શકે. આ કોઈ સંયોગ નથી પરંતુ વોટબેંકનો પ્રયોગ છે.

ત્રિપુરામાં એક રેલીને સંબોધતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે કોંગ્રેસે કોર્ટમાં રામ મંદિરના નિર્માણમાં અવરોધ ઉભો કર્યો હતો. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ મોદીજીએ મંદિરનું નિર્માણ શરૂ કર્યું. પીએમ મોદીએ 'ભૂમિ પૂજન' કર્યું અને મંદિરના નિર્માણની શરૂઆત કરી.તેમણે ૨૦૧૯ની ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટિપ્પણીને લઈને ઝાટકણી કાઢી હતી. અને કહ્યું કે ૨૦૧૯ના ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી કહેતા હતા કે ×મંદિર બનશે.તારીખ કહેવામાં આવશે નહીં×. આજે રાહુલ ગાંધી અને બધાએ સાંભળવું જોઈએ કે ૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અયોધ્યામાં લોકો માટે એક વિશાળ અને આકાશને સ્પર્શતું મંદિર તૈયાર થઈ જશે. અયોધ્યામાં ભગવાન રામના મંદિરના નિર્માણનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. ૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામ મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ કર્યો હતો અને ત્યારથી મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.

મહારાષ્ટ્રમાં ફરી કોરોનાનો ભય, ૩૨ નવા કેસ સામે આવ્યા, મુંબઈ-પુણેમાં ૧૧-૧૧ કેસ

મુંબઈ,તા.૭

કોરોનાએ ફરી એકવાર ચીન, જાપાન, અમેરિકા, દક્ષિણ કોરિયા અને બ્રાઝિલ સહિત વિશ્વભરમાં હાહાકાર મચાવ્યો છે. ચીનમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. એક રિપોર્ટ અનુસાર ચીનની લગભગ અડધી વસ્તી હાલમાં કોરોના સામે ઝઝૂમી રહી છે. આવી સ્થિતિમાં ભારત પણ કોરોનાને લઈને એલર્ટ મોડમાં આવી ગયું છે. ભારતમાં પણ ૨૪ કલાકમાં ૨૧૪ નવા કેસ સામે આવ્યા છે. જેમાંથી ૪ના મોત પણ થયા છે. મહારાષ્ટ્રની વાત કરીએ તો શુક્રવારે અહીં ૩૨ નવા કેસ નોંધાયા છે. મુંબઈ અને પુણે આમાં સૌથી આગળ છે.

નવા કોવિડના કેસમાં મહારાષ્ટ્ર હાલમાં ભારતના રાજ્યોમાં ત્રીજા નંબરે છે. ૩૨ નવા કેસના આગમન સાથે, હાલમાં રાજ્યમાં ૧૩૪ નવા કેસ છે. જે બત્રીસ નવા કેસ સામે આવ્યા હતા તેમાંથી ૧૧ મુંબઈમાં અને ૧૧ પુણેમાં જોવા મળ્યા હતા. આ રીતે મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૮૧ લાખ ૩૬ હજાર ૭૮૦ કોરોના કેસ નોંધાયા છે. ૧૨ હજાર ૯૬ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ૧૧ દિવસમાં દેશના ૧૨૪ આંતરરાષ્ટ્રીય મુસાફરોમાં ઓમિક્રોનના ૧૧ સબ-વેરિઅન્ટ મળી આવ્યા છે. સૌથી પહેલા તો ત્યારે હંગામો મચી ગયો જ્યારે ૩૮ વર્ષની એક મહિલા ૨૩ ડિસેમ્બરે ઓસ્ટ્રેલિયાથી મુંબઈ પહોંચી. આ મહિલા મુંબઈથી જબલપુર ગઈ હતી. તેણી કોરોના સંક્રમિત મળી આવી હતી. સંબંધિત મહિલાના સેમ્પલ જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવ્યા છે. મહિલાના સંબંધીઓના સેમ્પલ પણ જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવ્યા છે.

નવા કોવિડ કેસોમાં કેરળનો આંકડો વધુ ભયાનક છે. કેરળમાં કોરોનાના ૬૫ નવા કેસ સામે આવ્યા છે. કેરળમાં હાલમાં ૫૨૫ સક્રિય કેસ છે. કેરળ બાદ કર્ણાટકમાં સૌથી વધુ નવા કેસ નોંધાયા છે. કર્ણાટકમાં ૩૮ નવા કોરોના કેસ નોંધાયા છે. હાલમાં કર્ણાટકમાં ૨૭૮ સક્રિય કોવિડ કેસ છે. આ રીતે કેરળ અને કર્ણાટક પછી મહારાષ્ટ્રનો નંબર આવે છે. મહારાષ્ટ્ર બાદ દિલ્હીમાં ૮ નવા કેસ સામે આવ્યા છે. દિલ્હીમાં હાલમાં ૨૩ સક્રિય કેસ છે. આ રીતે, હાલમાં ભારતમાં ૨૫૦૯ સક્રિય કોરોના કેસ છે.

મની લોન્ડ્રીંગ મામલે મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અનિલ પરબની સંપત્તિ ઈડીએ જપ્ત કરી

મુંબઈ,તા.૭

ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને મોટો આંચકો લાગ્યો છે પ્રવર્તન નિદેશાલય (ઇડી)એ પૂર્વ મંત્રી અનિલ ડી પરબની ૧૦.૨૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે.ઇડીએ એક યાદીમાં જણાવ્યું છે કે રત્નાગિરિમાં પરબ,સાઇ રિજોર્ટ્સ એનએક્સ અને અન્યની વિરૂધ્ધ કહેવાતી મની લોન્ડ્રીંગ મામલાની તપાસના સંબંધમાં જપ્ત કરવામાં આવી છે.જપ્ત કરવામાં આવેલ મુરૂડમાં એક એકરની જમીન જે લગભગ ૨,૭૩,૯૧,૦૦૦ રૂપિયાની છે અને તેના પર બનેલ રિસોર્ટની કીંમત ૭,૪૬,૪૭,૦૦૦ રૂપિયા છે. પીએમએલએ હેઠળ પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયની ફરિયાદ બાદ ઇડીએ ગત વર્ષ પરબ,સાઇ રિસોર્ટ્સ એનએક્સ સી કોંચ રિસોર્ટ્સ અને અન્યની વિરૂધ્ધ તપાસ શરૂ કરી હતી અને તેમની વિરૂધ્ધ દાપોલી પોલીસ સ્ટેશનમાં છેંતરપીડી કરવા અને મહારાષ્ટ્ર સરહકારને નુકસાન પહોંચાડવાની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી ઇડીની તપાસમાં જાણવા મળ્યું કે પરબે સદાનંદ કદમની મિલીભગતથી સ્થાનીક એસડીઓ કાર્યાલયથી જમીનને કૃષિથી બિન કૃષિ ઉપયોગમાં પરિવર્તન કરવા માટે ગેરકાયદેસર મંજુરી પ્રાપ્ત કરી અને સીઆરજેડ માનદંડોનો ભંગ કરતા રિસોર્ટનું નિર્માણ કર્યું પરબે મહેસુલ વિભાગથી સીઆરજેડી ૩ અથવા નો ડેવલપમેંટ વિભાગ હેઠળ આવનારી જમીનના ટુકડા પર ગ્રાઉન્ડ પ્લસ વન ફ્લોર ટ્વીન બંગલા બનાવવા માટે ગેરકાયદેસર મંજુરી પ્રાપ્ત કરી અને ત્યારબાદ તેમણે ગ્રાઉન્ડ પ્લસ ટું ફ્લોરની સાથે સાઇ રિસોર્ટ્સ એનએક્સનું નિર્માણ કર્યું ઇડીએ કહ્યું કે માલિકના રૂપમાં પોતાની ઓળખ છુપાવવા માટે પરબે ગત માલિક વિભાસ સાઠેના નામ પર મહેસુલ વિભાગથી અરજી પર પોતાની હસી કરી મંજુરી પ્રાપ્ત કરી પરબ પર જાણીજોઈને આ ત્થયને દબાવવાનો પણ આરોપ છે કે જમીન ગ્રામ પંચાયતની પાસે સીઆરજેડ ૩ હેઠળ આવે છે અને બાદમાં જી પી પર દબાણ કરી ભૂમિ અને ભવનોને પોતાના નામ પર સ્થાનાંતરિક કરી દીધા જો કે મૂળ વિલેખમાં કોઇ પણ નિર્માણનો કોઇ ઉલ્લેખ ન હતો.

ઇડીએ કહ્યું કે રિસોર્ટના નિર્માણ માટે વળતર જાણી જોઇ રોકડમાં કર્યું હતું અને નિર્માણ કાર્ય પરબના નામ પર જમીનનું રજીસ્ટ્રેશન પહેલા શરૂ થયું હતું જો કે વળતર કરવામાં આવ્યું હતું અને સંપત્તિ તેમના કબજામાં હતી ઇડીએ તર્ક આપ્યો છે કે આ ઇમારતના અસલી માલિકના રૂપમાં પોતાની ઓળખ છુપાવવા માટે કર્યું હતું જેથી ભવિષ્યમાં ભવન નિર્માણ ખર્ચ અને કોઇ પણ અન્ય ભંગની સામે આવતા પહેલાના માલિક વિભાસ સાઠેને દોષિત ઠેરવી શકાય ઇડીએ કહ્યું કે જ્યારે ગેરકાયદેસર રિસોર્ટ નિર્માણના સંબંધમાં વિવિધ ફરિયાદો સામે આવી જેમાં ભાજપના પૂર્વ સાંસદ કિરીટ સોમૈયા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં પણ સામેલ હતી.

રાહુલ ગાંધીને રામ મંદિરનું આમંત્રણ આપવામાં આવશે : દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈ,તા.૭

ગૃહમંત્રી અમિતશાહ પછી મહારાષ્ટ્રનાં ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે નિશાનો સાધ્યો. તેમણે કહ્યું કે અયોધ્યામાં રામ મંદિરનાં દર્શન કરવા માટે રાહુલ ગાંધીને પણ આમંત્રણ આપવામાં આવશે. મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી વોટર વિઝનજ ૨૦૪૭ કોન્ફરન્સમાં સામેલ થવા માટે ભોપાલ પહોંચ્યા હતા. ત્યાં તેમને રાહુલ વિશે પૂછવામાં આવતા તેમણે આ જવાબ આપ્યો હતો. તેમણે રાહુલ પર નિશાનો સાધતા કહ્યું કે રાહુલે અયોધ્યા વિશે જે પ્રશ્નો પૂછ્યા છે તે એમને ૧૦ વર્ષ પહેલા પૂછવા જોઇતા હતા, જે આ હવે પૂછી રહ્યાં છે.

૧ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ રામ મંદિરનું ઉદ્ઘાટન થવાનું છે. આટલી બધી ચિંતા વ્યક્ત કરનાર રાહુલ ગાંધીને પણ એ સમારંભમાં આમંત્રણ ચોક્કસથી આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મધ્યપ્રદેશનાં પેચ નદીના મહારાષ્ટ્ર સાથેની વાતમાં કોઇ જ વિવાદ નથી. દેશનો વિકાસ અને દેશવાસીઓને ઉત્તમ સુવિધા મળે તે દરેકનું કર્તવ્ય છે.

અમારી ખામીઓ રહી ગઈ અને મોડુ પણ થયું : ગુજરાતના પરિણામોને લઈ અશોક ગેહલોત બોલ્યા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ભારે બહુમતિ મળી અને આમ આદમી પાર્ટી પણ પાંચ સીટો પર વિજય મેળવીને રાષ્ટ્રીય પાર્ટી બની ગઈ. પરંતુ કોંગ્રેસને આ વખતે સૌથી ખરાબ પ્રદર્શનનો સામનો કરવો પડ્યો છે. આ માટે કોંગ્રેસ હાઈકમાન્ડે ગુજરાતમાં પરાજયના કારણો જાણવા માટે મહામંથન શરૂ કર્યું છે. ત્યારે કોંગ્રેસના ઓબ્ઝર્વર અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું હતું કે, ગુજરાતમાં અમને મોડું થયું અને ઘણી ખામીઓ રહી ગઈ હતી. જેના કારણે આ પરિણામ આવ્યું છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોતે એક નિવેદનમાં કહ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણીનું જે પરિણામ આવ્યું છે. તેમાં અમારી ક્યાંક ખામીઓ રહી ગઈ છે અને ક્યાંક અમારે મોડુ પણ થયું છે. તે સિવાય આમ આદમી પાર્ટીના કારણે કોંગ્રેસના વોટ વેચાઈ ગયા હતાં. આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે ગઠબંધન હતું પણ તેઓ કોઈને કહેતા નથી. હવે અમે આ મુદ્દે મંથન કરીશું અને ફરીવાર ગુજરાતમાં બેઠા થવા માટે પ્રયત્નો કરીશું.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લાર્જુન ખડગેએ ગુજરાતના પરાજય બાદ સત્ય શોધક કમિટીની રચના કરી છે. જેમાં ત્રણ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીના ચેરમેન તરીકે નીતિન રાઉત, ડો. શકિલ અહેમદ ખાન તથા સમગિરી શંકર ઉલાકાની સભ્ય તરીકે નિમણુંક કરાઈ છે. આ કમિટી કોંગ્રેસ પ્રમુખને ગુજરાતની હારના કારણો અને પરિણામો અંગેનો રીપોર્ટ એક સમાહમાં સોંપશે. ત્યાર બાદ કોંગ્રેસનો હાઈકમાન્ડ ગુજરાતમાં સંગઠનમાં મોટો ફેરફાર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

કાંકરેજના ચાંગા ગામે ધારાસભ્ય અમૃતજી ઠાકોરનો ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોર સહિત કોંગ્રેસ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગેનીબેન ઠાકોરે ભાજપની સ્ટ્રેટેજીના વખાણ કર્યા હતાં. તેમણે કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના આગેવાનો-નેતાઓ અમે બધા, છઝવાળી કારના કાચ ખોલવા નથી. પક્ષના એક પણ વ્યક્તિએ પરિશ્રમ નથી કરવો. આ ભાજપવાળા વહીવટી તંત્રનો દુરુપયોગ કરે. પૈસા સામ,દામ, દંડ, ભેદ બધાનો ઉપયોગ કરે છે પણ એ લોકો ખરેખર મહેનત કરે છે. તમે ભાજપની સ્ટ્રેટેજી જુઓ આખી સરકાર બદલાઈ જાય પણ કોઈ અવાજ ના કરે. ટિકિટ જેની જેટલી કાપવી હોય તેટલી કાપી નાંખે. આપણે તો હવે હજુ કાંઈ વધ્યું જ નથી, તો હવે શેના ભાગ પાડવાના રહી ગયા એ જ ખબર પડતી નથી.

ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે કોણ બેસશે એ હજી નક્કી નથી. કોંગ્રેસે વિપક્ષના નેતા બનાવવા માટે બે નામો દિલ્હી હાઈકમાન્ડને મોકલી આપ્યાં છે. પરંતુ હજી હાઈકમાન્ડે કોઈ પણ પ્રકારનો જવાબ મોકલ્યો નથી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસે વિપક્ષના નેતા માટે બે ધારાસભ્યોના નામ હાઈકમાન્ડને મોકલ્યાં છે. જેમાં વિજાપુરના ધારાસભ્ય સી.જે.યાવડા અને દાણિલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારનું નામ મોકલવામાં આવ્યું છે. આ બંને માંથી કોઈ એક ધારાસભ્ય વિપક્ષના નેતા બની શકે છે એવું કોંગ્રેસના સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. બીજી બાજુ પક્ષના સિનિયર નેતા અને પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ વિપક્ષના નેતા બનવાનો ઈનકાર કરતાં કોઈ નવા ચહેરાને સ્થાન આપવાની ઈચ્છા દર્શાવી છે.

લોન ફ્રોડ કેસ, ચંદા કોચર અને તેના પતિ દીપક કોચરની ધરપકડને પડકારતી અરજીનો આદેશ બોમ્બે હાઈ કોર્ટે અનામત રાખ્યો

મુંબઈ,તા.૭

બોમ્બે હાઈ કોર્ટે ચંદા કોચર અને તેમના પતિ દીપક કોચરની ધરપકડને પડકારતી અને વચગાળાની રાહત આપતી અરજી પર પોતાનો આદેશ અનામત કર્યો હતો. કોર્ટ આ કેસમાં ૯મી જાન્યુઆરીએ પોતાનો ફેંસલો સંભળાવશે. અહીં નોંધવું ઘટે કે આઈસીઆઈસીઆઈ બેંક-વીડિયોકોન લોન ફ્રોડ કેસમાં સીબીઆઈએ કોચર દંપતીની ધરપકડ કરી હતી. જોકે વીડિયોકોનના પ્રમોટર વેણુગોપાલ ધૂતની પણ પોલીસે બાદમાં ધરપકડ કરી હતી. ત્રણેય જણ હાલમાં અદાલતી કસ્ટડીમાં છે.

ઉલ્લેખનીય છે કે બોમ્બે હાઈ કોર્ટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને આઈસીઆઈસીઆઈ બેંકનાં ભૂતપૂર્વ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને એમડી ચંદા કોચર અને તેના બિઝનેસમેન પતિ દીપક કોચરની કથિત લોન ફ્રોડ કેસમાં ધરપકડને પડકારતી અરજીનો જવાબ દાખલ કરવા માટે શુક્રવાર સુધીનો સમય આપ્યો છે.સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને કોર્ટે તેમનો આદેશ અનામત રાખ્યો હતો.

કોચર દંપતીએ તેમની ધરપકડને ગેરકાયદે ગણાવીને તેમના રિમાન્ડના આદેશને રદ કરવાની માગણી સાથે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. જેલમાંથી મુક્તિ મેળવવા માટે તેઓએ એવી પણ રજૂઆત કરી હતી કે તેમના પુત્રના આ મહિનાના અંતમાં લગ્ન છે અને મહેમાનોને પહેલેથી જ આમંત્રણો મોકલી આપવામાં આવ્યાં છે.સીબીઆઈએ ૨૩મી ડિસેમ્બરે આ કેસમાં ચંદા અને દીપક કોચરની ધરપકડ કરી હતી. ત્યાર બાદ દંપતીને અદાલતી કસ્ટડીમાં મોકલવામાં આવ્યાં હતાં. મંગળવારે જ્યારે હાઈ કોર્ટે ધરપકડ સામે તેમની અરજી લીધી હતી ત્યારે કેન્દ્રીય એજન્સીએ તેનો જવાબ દાખલ કરવા માટે સમય માગ્યો હતો.જોકે હાઈ કોર્ટે સીબીઆઈને અરજી પર તેનો જવાબ દાખલ કરવા માટે સમય આપવાની જરૂર છે, એવું કહીને આ મામલાને શુક્રવાર સુધી મુલતવી રાખ્યો હતો. આ બાબતે શુક્રવારે ફરી વાર સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને હાઈ કોર્ટે તેમનો આદેશ અનામત રાખ્યો હતો. કોર્ટ ૯મી જાન્યુઆરીએ તેમનો ફેંસલો સંભળાવશે.

તંત્રી લેખ

દબાણનો પ્રશ્ન

સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડના હલદ્વાનીમાં રેલવેની જમીન પર દબાણ હટાવાના પ્રસ્તાવિત અભિયાન પર આશા અનુરૂપ જ વચગાળાનો સ્ટે આપી દીધો. તેનો એક મુખ્ય આધાર કદાચ એ રહ્યો કે ઉત્તરાખંડ હાઈકોર્ટે એક અઠવાડિયાની નોટિસ પર જ દબાણ હટાવવાના નિર્દેશ આપ્યા હતા. જે હજારો લોકો વર્ષોથી દબાણવાળી જગ્યાએ રહેતા હતા, તેમને ત્યાંથી હટવા માટે પૂરતો સમય મળવો જ જોઈએ. એટલા માટે, કારણ કે એક તો તેમની સંખ્યા ઘણી છે અને બીજું, એ જમીન પર સ્કૂલો અને હોસ્પિટલ પણ છે. એ સારું થયું કે સુપ્રીમ કોર્ટે આ મામલે માનવીય પક્ષ પર ધ્યાન આપ્યું, પરંતુ જોવાનું એ છે કે તે વ્યાપક સુનાવણી બાદ અંતે કયા નિષ્કર્ષ પર પહોંચે છે? વળી, સુપ્રીમ કોર્ટે એ પણ જોવું જોઈતું હતું કે આ દબાણો કોની મીઠી નજર હેઠળ થયાં હતાં? હવે સુપ્રીમના ચુકાદા પર એટલા માટે દેશભરની નજર રહેશે, કારણ કે તેનો ચુકાદો દૃષ્ટાંત બનશે. તેની અવગણના ન કરી શકાય કે જેમ હલદ્વાનીમાં રેલવેની જમીન પર દબાણ કરીને ત્યાં પાકાં મકાનો ચણી લીધાં, એ જ પ્રકારની સ્થિતિ દેશના અન્ય હિસ્સામાં પણ છે. કદાચ જ કોઈ રાજ્ય એવું હશે જ્યાં શહેરી અથવા ગ્રામીણ ક્ષેત્રમાં રેલવેની જમીનો પર દબાણ ન કરવામાં આવ્યું હોય. દબાણ માત્ર રેલવેનું જ નહીં, અન્ય સરકારી વિભાગોની જમીન પર પણ છે. જોકે દબાણની વર્ષો સુધી અવગણના કરવામાં આવે છે, તેથી ત્યાં નિર્માણ કાર્યો સાથે વસવાટ પણ ચાલુ રહે છે અને પછી એક સમયે એવી સ્થિતિ આવે છે કે ત્યાંથી લોકોને હટાવવા એક માનવીય સમસ્યા બની જાય છે. હલદ્વાનીમાં પણ આવું જ થયું.

સરકારી જમીનો પરથી દબાણો હટાવવા મામલે માનવીય પાસા પર ધ્યાન આપવું જ જોઈએ, પરંતુ એવું કશું ન થવું જોઈએ, જેનાથી દબાણ કરનારાઓને બળ મળે. જો સરકારી જમીનો પર દબાણની માનવીય આધાર પર અવગણના કરી દેવામાં આવે તો પછી દબાણો બેલગામ થઈ જશે. એટલું જ નહીં, તેનાથી વિકાસનાં કેટલાંય મહત્ત્વપૂર્ણ કામ પણ અટકી જશે. રેલવેનો વિસ્તાર સમયની માંગ છે, પરંતુ એ ત્યારે જ સંભવ છે, જ્યારે તેમની જમીનો પરથી ગેરકાયદે કબ્જો હટે. આ કબ્જા એટલા માટે હટવા જોઈએ, કારણ કે કેટલીય વાર તેમની જમીનો અને ખાસ કરીને રેલવે પાટાની બિલકુલ નજીક કરવામાં આવતું દબાણ રેલવેના સુરક્ષિત સંચાલનમાં અડચણ બને છે. જેમ એ સમજવું કઠિન છે કે રેલવે અને અન્ય સરકારી વિભાગ પોતાની જમીનો પર દબાણની અવગણના કેમ કરતા રહ્યા છે, એવી જ રીતે એ પણ કે ક્યારેય એ લોકોને જવાબદાર કેમ નથી ઠેરવવામાં આવતા, જે સરકારી જમીનો પર કબ્જો થવા દે છે? મોટાભાગે આવા કબ્જા સરકારી વિભાગોની અવગણના અને મોટાભાગે તો તેમની સહમતિ અને મદદથી જ થાય છે. શું એ વિચિત્ર નથી કે હલદ્વાનીમાં રેલવેની જે જમીન પર દબાણ થયાં, ત્યાં વીજળી-પાણીની સુવિધા પ્રદાન કરવાની સાથે જ સરકારી હોસ્પિટલ અને સ્કૂલો કેવી રીતે બનાવી દેવાઈ?

આન્યા મૃણાલ-પ્રકરણ -૨૩/ રાજુલ કૌશિક



મૃણાલની દીકરીમાં નખશિખ માની પ્રકૃતિ ઊતરી હતી. એને આ બિઝનેસની વાતો માફક આવતી જ નહોતી.

"દાદાજી , તમને લાગે છે કે પપ્પા કહે છે એમ હું એમનો બિઝનેસ સંભાળી શકીશ? મને તો સાચુ કહું ને દાદાજી તો આ સ્ટેટેસ્ટિક્સ, આટલું ટર્ન ઓવર, પ્રોડક્શન, સેલ વળતર-નફાની વાતો જ બોરિંગ લાગે છે. હ! મને રસ છે પ્રોડક્શનમાં પણ આ ટેક્સટાઇલ, આ ઇન્ડસ્ટ્રિઝનાં નહીં, મને મારી પોતાની કલ્પના સાકાર કરે એવા પ્રોડક્શનમાં રસ છે."

"એટલે?"

"એટલે એમપપ કરીને, આન્યા લંબાણથી પોતાના મનની વાત કરતી અને અજયભાઈ સાંભળતા. એની વાત પૂરી સાંભળ્યા પછી જરૂર લાગે તો એને સાચી સમજ પણ આપતા. પપ્પાને એકાઉન્ટમાં મદદ કરવા કરતાં તેનું મન આંકડાઓ કરતા રેખાઓમાં વણાંકો અને રંગોમા વધુ પ્રસન્નતા અનુભવતું.

આન્યાને હંમેશા એના પપ્પા સાથે વાતો કરવા કરતાં દાદાજી સાથે વાતો કરવાનું વધારે ફાવતું. એ એના દાદાજી સાથે વધુ ખુલીને વાતો કરી શકતી. પપ્પા સાથે વાત કરવામાં તો એને હંમેશા ડર રહેતો કે, કોઈ પણ વાત કે ચર્ચાનો અંત અંતે તો એની મમ્મી માટેની વિશેષ ટીપ્પણી સાથે જ આવશે અથવા તો પપ્પા ઉશ્કેરાઈને ઊભા જ થઈ જશે. એને પોતાની વાત કરવાનો પૂરતો અવકાશ કે મોકળાશ તો રહેતી જ નહીં, જ્યારે દાદાજી એની સાથે શાંતિથી વાત કરતા, એની વાતો શાંતિથી સાંભળતા.

આન્યા હંમેશા વિચારતી. બધા કહે છે કે સોળ વર્ષે સંતાન સાથે મિત્ર જેવો સંબંધ કેળવવો જોઈએ. પણ અહીં મમ્મી તો છે જ નહીં અને પપ્પા? એ પણ જાણે ન હોવા બરાબર. ક્યારેય આન્યાને કૈરવ માટે અંતરથી ઉષ્મા અનુભવાઈ જ નહીં. જે કોઈ લાડપ્યાર મળ્યા એ દાદાજી પાસેથી. એની જીદ સામે પણ દાદાજી કેવું નમતું જોખી દેતા? દાદાજી પર તો ગુસ્સો પણ કરી શકાતો અને મનની વાત ન પૂરી થાય તો પગ પછાડીને રોફ પણ કરી શકાતો.

એ દિવસે તો જાણે ઑફિસ જવાની વાત પર પડદો જ પડી ગયો પરંતુ અજયભાઈએ ધીરે ધીરે કળથી કામ લેવા માંડ્યુ અને આન્યાને એમની રીતે પલોટવા માંડી.

"એક વાત કહું આન્યા?"

"હા બોલોને."

"તને ખબર છે આ આપણો "જસ્ટ ફોર યુ" સ્ટુડિયો ક્યારથી છે અને કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો?"

આન્યા ઉત્સુકતાથી દાદાજી સામે જોઈ રહી.

એ દિવસે દાદાજીએ આન્યાને લંબાણથી "જસ્ટ ફોર યુ" કેવી રીતે શરૂ થયો એની વાત કરી. આજ સુધી ઘરમાં મૃણાલ અને મૃણાલની સાથે સંકળાયેલી કોઈ પણ વાત કરવા પર જાણે પાબંદી હોય એવું વાતાવરણ હતું. કૈરવ કે માધવીબેન તો મૃણાલને લગતી કોઈ સારી વાત વિચારી કે કરી શકતા જ નહીં અજયભાઈ જાણીને આન્યા સાથે એને લગતી તમામ વાતો કરવાનું ટાળતા. અરે હજુ સુધી તો એમણે આન્યાને એ પણ જણાવા દીધું નહોતું કે એ, શ્રીકાંતભાઈ અને ગાયત્રીબેન મૃણાલ સાથે સંપર્કમાં છે. મૃણાલના ચૌદ વરસના વનવાસ જેવા પરદેશવાસ દરમ્યાન એ ત્રણે જણા સતત એની સાથે જોડાયેલાં હતાં ત્યારથી માંડીને મૃણાલે પાછાં આવીને મુંબઈમાં પોતાની આગવી દુનિયા ઊભી કરી એનાં પણ એ લોકો સાક્ષી છે.

આન્યાને તો દાદાજીએ એ પણ ક્યાં જણાવ્યું હતું કે, આન્યા નાની હતી ત્યારથી એ ઊંઘી ગઈ હોય ત્યારે રોજે રોજ મૃણાલ એને જોતી આવી છે. આન્યાની પ્રગતિની વાતો દાદાજી મૃણાલ સાથે કરતા અને મૃણાલ એ વાતોના વિટામીન પર તો ટકી હતી.

આન્યાને તો એની પણ ક્યાં ખબર હતી કે મમ્મી પાસેથી દાદાજીએ લીધેલી એની તમામ તસ્વીરો બીજી કોઈ પણ પૂંજી કરતા પણ વધારે જતનથી જળવાઈ રહી છે.

આન્યા અવાચક બનીને દાદાજીની વાતો સાંભળતી રહી.

"દાદાજી મને લઈ જાવ."

"ક્યાં?"

"મમ્મીએ સર્જેલા એના સપનાના મહેલમાં."

"અત્યારે?"

"અત્યારે એટલે અત્યારે. જસ્ટ નાઉપ"

હાથ પકડીને આન્યાએ દાદાજીને ઊભા કર્યા અને રીતસર ખેંચીને લઈ જતી હોય એમ દોરવા માંડી. અજયભાઈને પણ થયું કે જો એ હવે ઊભા નહીં થાય તો એ અહીં અને એમનો હાથ આન્યાના હાથમાં રહી જશે.

સાંજે કૈરવને ખબર પડી કે આન્યાને લઈને અજયભાઈ સ્ટુડિયો પર ગયા હતા એટલે એ પાછો ચરૂની માફક ઉકળવા માંડ્યો.

"પપ્પાપ"

"શાંતિ રાખ મને ખબર છે તારે મને શું પૂછવું છે અને શું કહેવું છે. આપણે પહેલાં વાત થઈ ગઈ છે કે, મારી અને આન્યા બાબતમાં તારે કોઈ માથું મારવું નહીં. આન્યા બાબતમાં હું જે કંઈ કરતો હોઉ એમાં તારે કોઈ સવાલ કરવા નહીં અને તેમ છતાં કરીશ તો પણ હું તને જવાબ આપવા બંધાયેલો નથી એટલુ સમજી લેજે."

"તમારી અને આન્યાની વાત હોત તો હું કંઈ બોલ્યો ન હોત પણ આ તો તમે એને સ્ટુડિયો પર લઈ ગયા એટલે મારે પૂછવું પડ્યું. તમને ખબર છે કે હું નથી ઈચ્છતો કે આન્યા એની મમ્મી કે એની મમ્મી સાથે સંકળાયેલ કોઈ ભૂતકાળમાં રસ લે."

"તો પછી તારે એ સ્ટુડિયો પણ બંધ જ કરી દેવો તો ને?"

"એ મારો પ્રોફિટેબલ બિઝનેસ છે એટલે એ ચાલુ રાખવામાં મને રસ છે નહીં કે એ મૃણાલ માટે ચાલુ કર્યો હતો એટલે."

"પણ આન્યા તારા બિઝનેસમાં રસ લે એમાં તો તને રસ છે ને?"

"ક્યાં સાંભળે છે એ મારું તો કેટલી વાર કહ્યુ પણ આંખ આડા કાન જ કરે છે ને ક્યાં તો ઊભી થઈને ચાલવા માંડે છે."

"એમ તો એ તારીય દીકરી તો છે જ ને? તું પણ ક્યાં કોઈનું સાંભળે છે?"

"પપ્પા કઈ વાત તમારી મેં ના સાંભળી? બિઝનેસ તમે મને સોંપી દીધો છે તેમ છતાં તમને પુછ્યા વગર કે તમારી સલાહ લીધા વગર કયું પગલું મે લીધુ છે?"

"ભાઈ, એ તો મારી સલાહ તને પ્રોફિટેબલ લાગતી હશે ને એટલેપ.."કહીને અજયભાઈએ બાકીની વાત અધ્યાહાર છોડી દીધી.

અને સાચે જ એ દિવસ આવી ગયો અને કૈરવ માંગતો હતો એ વરદાન જાણે એને મળી ગયું.

આલેખનઃ રાજુલ કૌશિક

યુએસ-જર્મની યુક્રેનને ટેક, સશસ્ત્ર વાહનો, મિસાઈલ્સ જેવા ઘાતક શસ્ત્રો આપી રહ્યું છે

કીવ,તા.૭

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલુ છે. અમેરિકા સહિત ઘણા યુરોપિયન દેશો ઝેલેન્સકીને મદદ કરી રહ્યા છે.હાલમાં અમેરિકાએ કિવને ઈ૨.૮૫ બિલિયનની આર્થિક મદદ અને ઈ૨૨૫ મિલિયન એટલે કે અંદાજે ૨૫ હજાર કરોડ રૂપિયાની સૈન્ય મદદ કરી છે. જોકે, વેસ્ટર્ન ટેક આમાં સામેલ નથી. કિવ દ્વારા આ અદ્યતન ટાંકીઓની માંગ કરવામાં આવી હતી પરંતુ તે પૂરી પાડવામાં આવી નથી. પરંતુ યુક્રેનને વધારાના ફાયરપાવરના ઘણા વધુ શસ્ત્રો મળશે. આ સિવાય જર્મનીથી પણ મોટા હથિયારો મળી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

રુસો-યુએસ યુદ્ધ નિર્ણાયક તબક્કા તરફ આગળ વધી રહ્યું છે. આવતા મહિને યુદ્ધને એક વર્ષ પૂર્ણ થશે. હજુ સુધી એવા કોઈ સંકેત નથી કે તે શાંત થવાની અપેક્ષા છે. અમેરિકાની સાથે જર્મનીએ પણ યુક્રેનને હથિયારો આપ્યા છે. જર્મની યુદ્ધગ્રસ્ત યુક્રેનમાં આર્મર્ડ કર્મચારી કેરિયર્સ અને પેટ્રિઓટ મિસાઈલ બેટરી મોકલશે.

એપીસીએ એક સશસ્ત્ર લશ્કરી વાહન છે જે સૈનિકો અને સાધનોને યુદ્ધના મેદાનમાં પરિવહન કરવા માટે રચાયેલ છે. પેટ્રિઅટ સૌથી અદ્યતન સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમ હશે જે યુક્રેનને પશ્ચિમ તરફથી પ્રાપ્ત થશે. દરેક સિસ્ટમમાં ચાર મિસાઈલ અને કુલ આઠ પ્રક્ષેપણ રાખવાની ક્ષમતા ધરાવતી બેટરી હોય છે.

જર્મનીના ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન સાથે વાત કરી, ત્યારબાદ જર્મની-યુએસએ સંયુક્ત નિવેદન જારી કરીને આની જાહેરાત કરી. જર્મનીએ માર્ડર સશસ્ત્ર વાહનો મોકલવાનું નક્કી કર્યું છે જ્યારે ફ્રાન્સે કહ્યું હતું કે તે ટૂંક સમયમાં યુક્રેન સાથે સશસ્ત્ર લડાઈ વાહનો મોકલવા માટે વાટાઘાટો કરશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ કાર્યાલયે કહ્યું કે તે પ્રથમ વખત હશે જ્યારે પશ્ચિમી નિર્મિત ટેક ડિસ્ટ્રોયર યુક્રેનિયન સૈન્યને આપવામાં આવશે.

પંજાબના કેબિનેટ મંત્રી ફૌજા સિંહ સરારીએ રાજીનામું આપ્યું

ચંડીગઢ,તા.૭

પંજાબના કેબિનેટ મંત્રી ફૌજા સિંહ સરારીએ શનિવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. સરારીએ અંગત કારણોસર રાજીનામું આપ્યું છે. રાજીનામું આપતા તેમણે એમ પણ કહ્યું કે હું પાર્ટીનો વફાદાર સૈનિક છું અને હંમેશા રહીશ. આ સાથે ભગવંત માનની કેબિનેટમાં પણ મોટા ફેરબદલની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પંજાબમાં કેબિનેટનું વિસ્તરણ થઈ શકે છે. હાલમાં પંજાબ કેબિનેટમાં એક સીએમ અને ૧૩ મંત્રીઓ છે. કેબિનેટમાં ૪ મંત્રીઓની જગ્યા હજુ ખાલી છે. બિનકાર્યક્ષમ મંત્રીઓને કેબિનેટમાંથી બહારનો રસ્તો બતાવી શકાય છે. જ્યારે નવા ચહેરાઓની એન્ટ્રી થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ઘણા મંત્રીઓના વિભાગો બદલવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આજે સાંજે ૫ વાગ્યા પહેલા રાજ્યપાલના નિવાસ સ્થાને એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં મંત્રીઓને શપથ લેવડાવવામાં આવે તેવી શક્યતા છે.

આગની જ્વાળામાં યુવક જીવતો હોમાયો:મહુવામાં કાર ટ્રક સાથે અથડાયા બાદ અચાનક સળગી

ભાવનગર,તા.૭

ભાવનગર જિલ્લામાં મહુવા પાસે આજે એક અકસ્માતની દર્દનાક ઘટના બની હતી. મહુવાના વડલી-નેસવડ રોડ પર સવારે ૧૦ વાગ્યા આસપાસની આ ઘટના હોવાનું મનાય છે, જેમાં ટ્રક અને કાર અથડાયા બાદ કારમાં આગ ફાટી નીકળતાં તેનો ચાલક બળીને ભડથું થઈ ગયો હતો. અકસ્માત બાદ દરવાજા ખૂલી ન શકતાં કારમાં સવાર એક વ્યક્તિ આગમાં ખાખ થઈ જતાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ છે. આ ભોગગ્રસ્ત કોણ છે એની ઓળખ મેળવવા તજવીજ ચાલી રહી છે.

બનાવની વિગત એવી છે કે મહુવાથી ભાવનગર નેશનલ હાઈવે નંબર આઠ ઉપર આજ સવારે ૧૦ વાગ્યાના સમયગાળા દરમિયાન એક ઘટના બનવા પામી હતી, જ્યાં એક કાર અને ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત તરત જ કારમાં એકાએક આગ ભભૂકી ઊઠી હતી. આગ એવી વિકરાળ હતી કે એમાં કાર સાથે કારચાલક પણ બળીને ખાખ થઈ ગયો. જ્યાં હાઈવે પર ભયંકર અકસ્માત બાદ આગ ફાટી નીકળતાં ત્યાં હાજર સમક્ષ લોકોનાં રુવાંટાં ઊભાં થઈ જાય એવાં દૃશ્યો સર્જાયાં હતાં.હાઈવે પર મહુવા તરફથી જતી કાર અને ભાવનગર તરફથી આવતું કેમિકલ ભરેલું ટેકર એકાએક ધડાકાભેર અથડાયું હતું, જ્યાં કાર મહાકાય ટ્રક સાથે અથડાતાં કારનો ફૂચ્ચો બોલી ગયો હતો. એ બાદ કારમાં કોઈ કારણસર આગ લાગતાં ડ્રાઈવર કાર સાથે આગમાં બળવા લાગ્યો હતો. આ ઘટનામાં યુવક અકસ્માતમાં મૃત્યુ પામ્યો કે કારમાં આગ લાગતાં બળીને એ કહેવું મુશકેલ છે. લોકોના કહેવા પ્રમાણે કારમાં આગ લાગતાંની સાથે ડ્રાઈવરે કારમાંથી બહાર નીકળવાના ઘણા પ્રયાસો કર્યા હતા, પરંતુ કારનો દરવાજો અથવા કાચ કોઈ કારણસર ના ખૂલતાં યુવક આગમાં હોમાઈ ગયો હતો.

હાઈવે પર થયેલા અકસ્માત બાદ ક્ષણભરમાં જ એ કારમાં લાગેલી આગ જોઈ ત્યાં હાજર સૌકોઈના રુવાંટાં ઊભાં થઈ ગયાં હતાં. કારમાં સળગતા યુવકે કારમાંથી નીકળવાના ઘણા પ્રયાસ કર્યા, તેમ છતાં તેને અંતે મોત જ નશીબ થયું. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. આગ કાબૂમાં આવ્યા બાદ કારમાંથી ફક્ત યુવકનું કંકાલ જ મળ્યું હતું. હાલ આ ઘટનાને પગલે ભારે અરેરાટી ફેલાઈ ગઈ છે. આ ભોગગ્રસ્ત કોણ છે એની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે

જોધપુરમાં ગમખ્વાર અકસ્માત: ૫ લોકોના મોત, ૩૨ ઘાયલ

જોધપુર,તા.૭

રાજસ્થાનના જોધપુરમાં ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જોધપુરથી ઓસિયાં જઈ રહેલી મુસાફરોથી ભરેલી બસ સામેથી આવી રહેલી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થઈ ગયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે, બંને વાહનોની કેબિનમાં બેઠેલા લોકો તેમાં ફસાઈ ગયા હતા. આ અકસ્માતમાં અઢી ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. અકસ્માત બાદ ત્યાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ઘાયલો પૈકી ચારની હાલત ગંભીર હોવાની માહિતી મળી રહી છે. દુર્ઘટનાની જાણકારી મળ્યા બાદ સીએમ અશોક ગેહલોતે પણ પોતાના કાર્યક્રમમાં ફેરફાર કરી મથુરાદાસ માથુર હોસ્પિટલ પહોંચ્યા અને ઘાયલોની તબિયત પૂછી હતી. મૃતકો અને ઘાયલો માટે રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે અકસ્માતનો ભોગ બનેલી બસ જોધપુરથી ઓસિયાં (ચાડી) જઈ રહી હતી. તે દરમિયાન જોધપુર-મથાનિયા રોડ પર સામેથી આવી રહેલા ટ્રક સાથે તેની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત બાદ મુસાફરોમાં હોબાળો મચી ગયો હતો. માહિતી મળતા સ્થાનિક લોકો સ્થળ પર પહોંચ્યા હતા અને બસના કાચ તોડી ઘાયલોને બહાર કાઢ્યા હતા. લોકોની સૂચના પર સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને તાત્કાલિક ખાનગી વાહનો દ્વારા જોધપુરની મથુરાદાસ માથુર હોસ્પિટલમાં ખસેડાયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા પ્રમાણે અકસ્માત બાદ બંને વાહનોની કેબિનમાં બેઠેલા લોકો ખરાબ રીતે ફસાઈ ગયા હતા. ખૂબ જ મુશ્કેલીથી તેમને બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટનાની માહિતી મળતા જ જોધપુર જિલ્લા કલેક્ટર હિમાંશુ ગુપ્તા અને પૂર્વ ડીસીપી અમૃતા દુહાન પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કેન્દ્રીય જલ શક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. ઓસિયાના ધારાસભ્ય દિવ્યા મદેરણા, પૂર્વ સંસદીય સચિવ અને ઓસિયાના ધારાસભ્ય ભૈરારામ સિયોલ પણ મથુરાદાસ માથુર હોસ્પિટલ પહોંચ્યા અને ઘાયલોની સંભાળ લીધી. આ દરમિયાન સીએમ અશોક ગેહલોત પણ પોતાના અન્ય કાર્યક્રમો રદ્દ કરીને હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઘાયલોના ખબર-અંતર જાણ્યા હતા. તેમણે તબીબોને સૂચના આપી હતી કે, ઘાયલોને તાત્કાલિક યોગ્ય સારવાર આપવામાં આવે.

જે બાદ મૃતકો અને ઘાયલો માટે તાત્કાલિક રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત મૃતકો અને ઘાયલોના આશ્રિતો માટે ૪૨ લાખ રૂપિયાની સહાયની રકમ મંજૂર કરવામાં આવી હતી. જેમાં પાંચ મૃતકોના આશ્રિતોને ૨-૨ લાખ રૂપિયા અને ૩૨ ઘાયલોને ૧-૧ લાખ રૂપિયા આપવાની સૂચના આપવામાં આવી હતી. બીજી તરફ ચિરંજીવી વીમા યોજના હેઠળ મૃતકોના પરિજનોને ૫-૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

એબીવીપીના કાર્યાલય મંત્રીએ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને એબીવીપીના મુખ્યમંત્રી ગણાવી દીધા હતા.

ભાવનગર,તા.૭

ભાવનગર ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ૫૪માં અધિવેશનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એબીવીપીના કાર્યાલય મંત્રી અમર આચાર્યએ સંબોધન દરમિયાન બોલવામાં ભુલ કરતા સભામાં ઉપસ્થિત અને લોકોમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બની ગયો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના અધિવેશનના કાર્યક્રમમાં આભારવિધિ દરમિયાન એબીવીપીના કાર્યાલય મંત્રી અમર આચાર્યએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને એબીવીપીના મુખ્યમંત્રી ગણાવી દીધા હતા. જોકે આ ભૂલ તેને તરત જ ધ્યાને આવતા મુખ્યમંત્રી સામે જોઈ સોરી કહી દીધુ હતું. જોકે, ઘટનાથી લોકોમાં થોડીવાર માટે હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. આમ બોલવામાં ક્યારેક બફાટ ભારે પડી જાય છે. એ આ કાર્યક્રમે સાબિત કરી દીધું હતું. છમ્ફ્ઁનો કાર્યક્રમ હોવાથી ભૂપેન્દ્ર પટેલ અહીં ઉપસ્થિત રહ્યાં હતા. આ અધિવેશનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે યુવાનો શિક્ષણની સાથે સાથે જ તાલીમ અને રોજગાર મેળવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી સ્કિલ ઇન્ડિયા, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, મુદ્રા યોજના સહિતની સુવિધાઓ દ્વારા આપણા યુવાનો જોબ સિકર નહીં પરંતુ જોબ ગિવર બન્યા છે.

જામનગરમાં ખેલાયો ખૂની ખેલ:પતિએ જ પત્ની અને માસૂમ બાળકીનું તાર વડે ગળું કાપી નાખ્યું

જામનગર,તા.૭

જામનગર શહેર નજીક આવેલા લાલપુર બાયપાસ પાસે હોટલ ટેન નજીક આવેલી બાવળની ઝાડીઓમાં એક મહિલા અને પુત્રીની લાશ પડી હોવાની માહિતી પોલીસને મળતાં પોલીસકાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં મહિલા અને તેની બાળકીનું ગળું કાપીને હત્યા કરી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ-તપાસમાં પતિ જ હત્યા કરીને રાજકોટ તરફ ભાગ્યો હોવાનું જાણવા મળ્યું હતું, જેથી પોલીસે એ દિશામાં તપાસ હાથ ધરી હતી. જોકે પતિ મોડી રાત્રે રાજકોટ પોલીસમાં હાજર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું.મળતી માહિતી મુજબ, સબીના નામની ૩૦ વર્ષીય મહિલા અને તેની એક વર્ષની પુત્રી રુબિનાનું ગળું કાપીને હત્યા કરીને તેમની લાશ લાલપુર બાયપાસ પાસે હોટલ ટેન નજીક બાવળની ઝાડીઓમાં ફેંકી દેવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસકાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. જામનગર પંચકોષી પોલીસ અને એલસીબી સહિતની પોલીસ તપાસમાં લાગી ગઈ છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ મૂળ યુપીનો પરિવાર દરેડમાં રહેતો હતો અને મજૂરીકામ કરતો હતો.બનાવ બાદ તેનો પતિ તારીક ફરાર થઈ ગયો હતો, જેને પોલીસ શોધી રહી છે. આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે કે હત્યામાં પતિની સંડોવણી જ છે, જેને કારણે પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે બીજી બાજુ, પોલીસનાં સૂત્રો જણાવે છે કે તેનો પતિ રાજકોટ તરફ ભાગી ગયો છે. મોડી રાત્રે મળતા અહેવાલ મુજબ, આરોપી રાજકોટ એ-ડિવિઝન પોલીસમથકમાં હાજર થઈ ગયો હતો, જેથી જામનગર પોલીસ તેને લેવા માટે રવાના થઈ છે. જોકે હત્યા કેવી રીતે અને કયા કારણે? કેવા સંજોગોમાં નીપજાવી છે? એ પૂછપરછ બાદ સામે આવશે, એમ પોલીસે જણાવ્યું છે.દહેગામના પાલૈયા ગામમાં દંપતી વચ્ચે ચાલતા ઘરકંકાસે ૧૫મી ડિસેમ્બરે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં પતિએ ગ્રાઈન્ડર મશીનથી પત્નીનું ગળું કાપી કરપીણ હત્યા કરી હતી. હત્યાને અંજામ આપ્યા પછી પતિએ પણ જાતે ગ્રાઈન્ડર મશીન પોતાના ગળાના ભાગે ફેરવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

ચાઈનીઝ દોરીનું વેચાણ રોકવા પોલીસ એક્શનમાં, ૨,૬૧૪ ચાઈનીઝ દોરીની ફીરકીઓ જપ્ત

પાલનપુર,તા.૭

એક તરફ ચાઈનીઝ દોરીના કારણે મોત, અકસ્માત સહિતના અનેક કિસ્સા રાજ્યભરમાંથી સામે આવી રહ્યા છે. તો બીજી તરફ પોલીસની સક્રિયતાને કારણે મોટા પ્રમાણમાં ચાઈનીઝ દોરી ઝડપાઈ રહી છે. બનાસકાંઠા જિલ્લામાંથી ચાઈનીઝ દોરીનો મોટો જથ્થો ઝડપાયો છે. કાંકરેજના થરામાંથી જીંઘ્એ ૨ હજારથી વધુ ચાઈનીઝ દોરીની ફીરકીઓ જપ્ત કરી દુકાન માલિકની ધરપકડ કરી છે. તો અમીરગઢના ઈકબાલગઢમાંથી પોલીસે ૧૨૮ ફીરકી સાથે શખ્સને ઝડપ્યો છે.કચ્છના ગાંધીધામના સુંદરપુરી વિસ્તારમાં એક શખ્સની ચાઈનીઝ દોરીની ૩૬ ફીરકી સાથે ધરપકડ કરાઈ છે. તો સુરેન્દ્રનગરના જોરાવરનગરમાંથી પોલીસે ચાઈનીઝ દોરીની ૨૪૪ ફીરકી સાથે વેપારીને ઝડપી લીધો છે. તો અમદાવાદમાં ઓનલાઈન ચાઈનીઝ દોરી વેચતા બે લોકોની સાયબર ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી ૨૨ ચાઈનીઝ દોરીની રીલ જપ્ત કરી લીધી છે.

ઉત્તરાયણ પર્વ પર પતંગ રસિકો પોતાનો પતંગ કપાઈ ન જાય તે માટે કાચથી પાયેલી ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરતા હોય છે. જેમા ફસાવાથી અનેક પંખીઓ મોતને ભેટે છે તો બીજી તરફ કેટલાક કિસ્સામાં નાગરિકોના પણ મોતના બનાવો સામે આવ્યા છે. આ ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ મુકવા માટે હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજી પર સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામા પર હાઈકોર્ટે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001